# :: જાહેર હરાજી ::

આથી રસ ધરાવતા તમામ સ્થાનિક/બહાર ગામના વેપારી તથા હરરાજીમાં રસ ધરાવતા ઇસમોને જાણ કરવામાં આવે છે કે, અત્રેની બાગાયત મહાવિદ્યાલય કચેરી હસ્તકના લાલ ફાર્મ ખાતે ચીકુ ઝાડ નંગ-૧૦ને મૂળમાંથી કાઢીને લાકડા લઇ જવા માટેની જાહેર હરરાજી નીચે જણાવેલ સમયે અને સ્થળે રાખવામાં આવેલ હોય, હરરાજીમાં ભાગ લેવા રસ ધરાવતા આસામીઓને હરરાજી સમયે આથી હાજર રહેવા જણાવવામાં આવે છે.

હરરાજી અંગેની તમામ શરતો હરરાજી સમયે રૂબરૂ વાંચી સંભળાવવામાં આવશે. હરરાજીમાં બોલી બોલનારે **રૂપિયા ૧૦૦૦/- ડીપોઝીટ પેટે** ભરવાના રહેશે.

| ક્રમ | વિગત | હરરાજીનું સ્થળ, તારીખ અને સમય |
|---|---|---|
| ૧ | લાલબાગ ફાર્મ ખાતે<br>પ્લોટ નં ૫-બીમાં ચીકુ ઝાડ કુલ નંગ-૧૦ આવેલ છે.<br>**હરરાજીમાં આપેલ ઝાડ રૂબરૂ જોવાનો સમય (રજાના દિવસો સિવાય)**<br>૦૮-૦૦ થી ૧૨-૦૦ અને ૧૫-૦૦ થી ૧૮-૦૦ | **સ્થળ:** લાલબાગ ફાર્મ, બાગાયત મહાવિદ્યાલય, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ.<br>**તારીખ:**૦૩/૦૬/૨૦૨૫, મંગળવાર<br>**સમય:** સવારે ૧૦:૦૦ કલાકે |

**લાકડા લઈ જવાની જાહેર હરરાજીની શરતો:**

- જાહેર હરરાજીમાં ભાગ લેનાર ઇસમ પુખ્તવયના અને સ્થિર બુધ્ધિવાળા હોવો જોઈએ.
- કોઈ પણ બોલ માન્ય રાખવો કે નહી તે નીચે સહી કરનાર અધિકારીની સતામર્યાદામાં રહેશે.
- હરરાજીમાં છેવટના બોલની રકમનાં ૧૦% ડીપોઝીટ દિવસ-૨માં કચેરીમાં જમા કરવાની રહેશે. જે રકમ ફાર્મમાં નુકસાની ન કર્યા અંગેનું ફાર્મ મેનેજરનું પ્રમાણપત્ર મેળવી વગર વ્યાજે પરત કરવામાં આવશે.
- મંજુર થયેલ રકમ દિવસ-૧૦માં સરકારી નીતિ-નિયમો મુજબ લાગુ પડતાં ટેક્ષ સાથે કચેરીમાં જમા કરવાની રહેશે. ત્યારબાદ ઝાડ નિકાલ માટે પરવાનગી આપવામાં આવશે.
- પરવાનગી આપ્યા બાદ ઝાડના નિકાલ માટેની કાર્યવાહી તાત્કાલિક કરવાની રહેશે તેમજ હરરાજીની તારીખથી વધુમાં વધુ ૦૧ મહિના સુધી માંગણીદારના જોખમે જે તે સ્થળે માલ રાખવા દેવામાં આવશે પછી થી માલ જૂ.કૃ.યુ.નો ગણાશે અને માલની ભરપાઈ કરેલ રકમ પરત દેવામાં આવશે નહિ.
- તમામ ઝાડો સ્વખર્ચે અને પોતાના જોખમે કાપીને લઇ જવાના રહેશે.
- આકસ્મિક કે અન્ય કારણોસર હરરાજી રદ કરવાની સત્તા નીચે સહી કરનારને અબાધિત રહેશે.
- હરરાજી વખતે કોઈ વાંધો તકરાર ઉપસ્થિત થાયતો નીચે સહી કરનારનો નિર્ણય આખરી ગણાશે.
- હરરાજી વખતે પાનકાર્ડની નકલ તથા ચૂંટણી/આધારકાર્ડની નકલ સાથે રજૂ કરવાની રહેશે.

---

જા.નં. જૂ.કૃ.યુ./બામવિ/ક-ર-એ/જા.હ.(લાકડા)/૩૨૦૬-૨૦ /૨૫ જૂનાગઢ તા. ૨૨/૦૫/૨૦૨૫

સ્થળ: જૂનાગઢ
તારીખ: ૨૦/૦૫/૨૦૨૫

આચાર્ય અને ડીન
બાગાયત મહાવિદ્યાલય
જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી
જૂનાગઢ

**નકલ જાણ થતા હરરાજી સમયે હાજર રહેવા સારું:**

૧. સંશોધન નિયામકશ્રી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ
૨. પ્રાધ્યાપક અને વડાશ્રી, જનીન વિધા અને પાક સંવર્ધન વિભાગ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ
૩. પ્રાધ્યાપક અને વડાશ્રી, કૃષિ વિજ્ઞાન વિભાગ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ
૪. ફાર્મ મેનેજરશ્રી, લાલબાગ ફાર્મ, બાગાયત મહાવિદ્યાલય, જૂ.કૃ.યુ. જૂનાગઢ
૫. ફાર્મ મેનેજરશ્રી, જાંબુવાડી ફાર્મ, બાગાયત મહાવિદ્યાલય, જૂ.કૃ.યુ. જૂનાગઢ

**નકલ સવિનય રવાના બહોળી પ્રસિધ્ધિ અર્થે:**

૧. આ કચેરીના નોટીસ બોર્ડ પર
૨. નિયામકશ્રી, આઇ.ટી.સેલ., જૂ.કૃ.યુ, જૂનાગઢ
૩. સિક્યુરિટી ઓફિસરશ્રી, મોતીબાગ ગેટ, જૂ.કૃ.યુ., જૂનાગઢ
૪. સંબંધિત ઇસમોને નેટ પર બહોળી પ્રસિધ્ધિ અર્થે

# પ રિ શિ ષ્ટ – ૧

બાગાયત મહાવિદ્યાલય જુનાગઢ હસ્તકના લાલબાગ ફાર્મના પ્લોટ ૫–બીમાં આવેલા ચીકુ ઝાડ કુલ નંગ–૧૦ને **મૂળમાંથી કાપીને લઈ જવાની** જાહેર હરરાજી તારીખ ૦૩/૦૬/૨૦૨૫ **ને મંગળવાર**ના રોજ હાજર રહેલ શખ્સો રૂબરૂ નીચે મુજબની શરતો વાંચી સંભળાવી જે માન્ય છે તે બદલ સહીઓ લેવામાં આવી.

**<u>લાકડા લઈ જવાની જાહેર હરરાજીની શરતો:</u>**

| | |
|---|---|
| ૧ | બતાવેલા ઝાડને ૨ ફૂટ ઊંડાઈએથી ખોદી કાપીને લઇ જવાના રહેશે. |
| ૨ | સરકારી કે યુનિ.કર્મચારી, યુનિ.ના લેણદારો કે બ્લેક લીસ્ટમાં હશે તો માંગણીમાં ભાગ લઇ શકશે નહિ. |
| ૩ | હરરાજીમાં ભાગ લેવા ઈચ્છતા ઈસમોએ બોલી બોલવામાં માટે રૂ. ૧૦૦૦/- જમાં કરાવવાના રહેશે. નાણા જમા કરવનાર વ્યક્તિજ બોલ બોલી શકશે. હરરાજી પૂર્ણ થયે જમાં કરાવેલ રકમ પરત આપવામાં આવશે. |
| ૪ | કોઇ પણ બોલ માન્ય રાખવો કે નહી તે નીચે સહી કરનાર અધિકારીની સતામર્યાદામાં રહેશે. |
| ૫ | હરરાજીમાં છેવટના બોલની રકમનાં ૧૦% ડીપોઝીટ દિવસ-૫ માં કચેરીમાં જમા કરવાની રહેશે. જે રકમ ફાર્મમાં નુકસાની ન કર્યા અંગેનું ફાર્મ મેનેજરનું પ્રમાણપત્ર મેળવી વગર વ્યાજે પરત કરવામાં આવશે. |
| ૬ | મંજુર થયેલ રકમ દિવસ-૧૦માં સરકારી નીતિ-નિયમો મુજબ લાગુ પડતાં ટેક્ષ સાથે કચેરીમાં જમા કરવાની રહેશે. ત્યારબાદ ઝાડ નિકાલ માટે પરવાનગી આપવામાં આવશે. |
| ૭ | પરવાનગી આપ્યા બાદ ઝાડના નિકાલ માટેની કાર્યવાહી તાત્કાલિક કરવાની રહેશે તેમજ હરરાજીની તારીખથી વધુમાં વધુ ૦૧ મહિના સુધી માંગણીદરના જોખમે જે તે સ્થળે માલ રાખવા દેવામાં આવશે પછી થી માલ જૂ.કૃ.યુ.નો ગણાશે અને માલની ભરપાઈ કરેલ રકમ પરત દેવામાં આવશે નહિ. |
| ૮ | ઝાડ કાપવાની કામગીરી દરમિયાન મજુરોને ઈજા/નુકશાન થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે ટે ઇઝારદરની રહેશે. |
| ૯ | તમામ ઝાડો સ્વખર્ચે અને પોતાના જોખમે કાપીને લઇ જવાના રહેશે. |
| ૧૦ | સરકારી કે નગરપાલિકાના કોઇપણ દર ઓક્ટ્રોય, જે કઈ લાગો લેતરો ભરવાના થાય ટે ઈજારદારે ભરવાના રહેશે. |
| ૧૧ | આકસ્મિક કે અન્ય કારણોસર હરરાજી રદ કરવાની સત્તા નીચે સહી કરનારને અબાધિત રહેશે. |
| ૧૨ | હરરાજી વખતે કોઈ વાંધો તકરાર ઉપસ્થિત થાયતો નીચે સહી કરનારનો નિર્ણય આખરી ગણાશે. |
| ૧૩ | હરરાજી વખતે પાનકાર્ડની નકલ તથા ચૂંટણી/આધારકાર્ડની નકલ તથા મોબાઈલ નંબર સાથે રજૂ કરવાની રહેશે. |
| ૧૪ | ઈજારદારે તેમનું પોતાનું ઘર/ઓફિસનું સરનામું ઓફિસમાં આપેલ હશે ટે સરનામે પત્રવ્યવહાર કરવામાં આવશે. વિવાદી પ્રશ્નોમાં તેમણે આપેલ સરનામે કરેલ પત્રવ્યવહાર તેમને માન્ય રાખવા પડશે. |

તા: ૨૦/૦૫/૨૦૨૫

આચાર્ય અને ડીન
બાગાયત મહાવિદ્યાલય
જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી
જૂનાગઢ